**ફોજદારી કેસ નં.૧૭૮૬/૨૦૧૬.**

## આરોપીની પ્લીનુ સાંધણ

(7) The finding in the Case of conviction,a brief statement of the reasons therefore–

આરોપીઓની સામે, ગુજરાત પ્રોહી.૬૬(૧)બી,૬૫એ,ઈ,૧૧૬(૨),૮૧ મુજબનાં ગુનાનો આરોપ છે. આ કામે આરોપીનું નિવેદન રેકર્ડ કરતાં, આરોપીએ ગુનો કરેલાનો ઈન્કાર કરેલો છે. આ કામે ફરીયાદપક્ષે પોતાનાં કેસની હકીકત સાબીત કરવાં માટે **પંચ રમેશભાઈ સોમાભાઈ રાઠોડ તથા પંચ ઈમ્તીયાઝ ઈસ્માઈલ શેખ તથા ફરીયાદી નિતીનભાઈ રમણભાઈ તથા કિરણભાઈ ગલાભાઈ** ને તપાસવામાં આવેલ છે. પંચોની હાજરી માં મુદ્દામાલ કબજે કરેલ પરંતુ સદર કેસમાં પંચો ફરીયાદ પક્ષ ના કેસને સમર્થન આપતા નથી. કોઈ સ્વતંત્ર સાહેદનાં નિવેદનો લીધેલા નથી. બનાવવાળી જગ્યા કોની માલીકીની છે તે બાબતનો પુરાવો રજૂ કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ મુદ્દામાલ ઉત્પાદક કંપનીનાં જવાબદાર અધિકારીનાં કોઈ નિવેદન લીધેલા નથી.

આ પંચ સાહેદો પોતાની જુબાનીમાં, પંચનામાની વિગતે આરોપી **વિદેશી દારૂ** સાથે પકડાઇ ગયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, વિદવાન એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે. તેમાં પણ આ પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપતાં નથી. ફરીયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી, આરોપીનાં કબજામાંથી પંચનામા મુજબનો મુદામાલ મળી આવેલ તેવી કોઇ હકીકત પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષ, આરોપી સામેનું તહોમત પુરવાર કરી શકેલ નથી તથા **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)</u>** માં પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામ.ગુજરાત હાઇકોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે, જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે ફરીગયેલ સાહેદ તરીકે જાહેર થાય,

ત્યારે ફરીયાદપક્ષનાં પુરાવા ઉપર આધાર રાખવો,એ સલામતીભર્યુ ગણાય નહીં. આમ, ફરીયાદપક્ષ આ કામે સ્વતંત્ર સાહેદોની જુબાનીથી, ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઇ, આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. સબબ, આ કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(8) Sentence or final order–

**// હુ ક મ //**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૫(૧) મુજબ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૬(૧)બી,૬૫એ,ઈ,૧૧૬(૨),૮૧ મુજબનાં ગુન્હા માંથી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ પીરીયડ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(એ) મુજબ, દરેક આરોપીનાં રૂ.૫૦૦૦/–ના છ માસ માટેનાં જામીન લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારાખ ૨૩મી, ફેબ્રુ , સને ૨૦૧૮નાંરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. – ૩ –૨૦૧૮.
બારડોલી.જી.સુરત.

(કુ.સુદેશ)
બીજા એડી. સિવિલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.,બારડોલી.
જજ કોડ નં.જી.જે.૦૧૪૦૦